| | | | |
|---|---|---|---|
| ફરીયાદ દાખલ તા: | ૨૨/૧૨/૨૦૧૪ | | |
| ફરીયાદ રજી. તા: | ૨૨/૧૨/૨૦૧૪ | | |
| કેસ ફેંસલ તા: | ૦૪/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**<u>મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ– ઉમરગામ</u>**

**<u>ફોજદારી કેસ નં.:–૨૦૭૬/૨૦૧૪</u>**

**<u>આંક:–</u>**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **નામદાર સરકારશ્રી** |
| **–: વિરૂધ્ધ :–** | |
| **આરોપી :–** | **મોહમંદરબાની અબ્દુલ સલીમ શેખ,**<br>ઉંમર:–૨૪ વર્ષ, ધંધો:–ડ્રાઈવર,<br>રહે.– બસવા કલ્યાણપુર, આસરા કોલોની, જિ. બીંદર, કર્ણાટક |

**<u>ગુન્હો:–ભારતીય દંડ સંહિતા કલમ–૨૭૯,૩૦૪(એ), એમ.વી. એકટ કલમ –૧૭૭,૧૮૪ મુજબ...</u>**

---

**// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.આર. પટેલ //**

**// આરોપી તરફે વિ.વ.શ્રી એસ.આર. શાહ //**

---

**–:: <u>જજમેન્ટ</u> ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૮/૦૪/૨૦૧૪ ના રોજ કલાક ૧૭/૩૦ વાગયાના સુમારે મોજે સરીગામ જી.આઈ.ડી.સી.માં પ્લોટ નં. ૮૧૦, ૮૧૧ માં આવેલ યુનિવર્સલ મેડિકો પ્રા.લી. કંપનીના કંપાઉન્ડમાં પોતના હવાલાવાળી ટ્રક જેનો રજી. નં. કે.એ.–૩૯–૩૩૭૧ ની ઉભેલ હોય, તેને ચાલુ કરી પુરઝડપે અને બેફીકરાઈ અને ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લાવી તે ટ્રકના કલીનર કે જે ટ્રકના નીચે સુતેલ

હોય તેઓના માથાના ભાગે ટ્રકના ડાબી સાઈડનું પાછળનું વ્હીલ ચડાવી દઈ, અકસ્માત કરી, સ્થળ પર મૃત્યુ નીપજાવી,ભારતીય દંડ સંહિતા કલમ- ૨૭૯,૩૦૪(એ), એમ.વી. એકટ કલમ - ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય, જે અન્વયે પોલીસ તપાસ કરી આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, આરોપીને સી.આર.પી.સી.કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ, આંક:-૦૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**-:: <u>મૌખિક પુરાવો</u> ::-**

| | | |
|---|---|---|
| (૧) | પંચ સાહેદ અનીશ ચંદ્રકાંત આરેકરની જુબાની | આંક:-૦૩ |
| (૨) | સાહેદ દરજી છીબુભાઈ બાહતરીયાની જુબાની | આંક:-૨૦ |
| (૩) | ત.ક.અ. ચતુરભાઈ કુબેરભાઈ પારજીની જુબાની | આંક:-૨૧ |

**-:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::-**

| | | |
|---|---|---|
| (૧) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક:-૦૪ |
| (૨) | ડેથ સર્ટીફીકેટ | આંક:-૧૫ |
| (૩) | મરણોત્તર પંચનામું | આંક:-૧૬ |
| (૪) | પી.એમ.રીપોર્ટ | આંક:-૧૭ |

(૪) આ કામે ફરીયાદપક્ષે વધુ પુરાવા આપવા માંગતા ન હોવાનું મૌખીક જાહેર કરતાં, આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી કારણ કે આરોપી સામે પુરતો પુરાવો પડેલ

નથી.

(૫) ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**(i)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૮/૦૪/૨૦૧૪ ના રોજ કલાક ૧૭/૩૦ વાગયાના સુમારે મોજે સરીગામ જી.આઈ.ડી.સી.માં પ્લોટ નં. ૮૧૦, ૮૧૧ માં આવેલ યુનિવર્સલ મેડિકો પ્રા.લી. કંપનીના કંપાઉન્ડમાં પોતના હવાલાવાળી ટ્રક જેનો રજી. નં. કે.એ.–૩૯–૩૩૭૧ ની ઉભેલ હોય, તેને ચાલુ કરી પુરઝડપે અને બેફીકરાઈ અને ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લાવી તે ટ્રકના કલીનર કે જે ટ્રકના નીચે સુતેલ હોય તેઓના માથાના ભાગે ટ્રકના ડાબી સાઈડનું પાછળનું વ્હીલ ચડાવી દઈ, અકસ્માત કરી, સ્થળ પર મૃત્યુ નીપજાવી,ભારતીય દંડ સંહિતા કલમ– ૨૭૯,૩૦૪(એ), એમ.વી. એકટ કલમ – ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

**(ii)** શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છે:–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૭) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ટાળવા પુરાવાના પૃથકકરમાં આવરી લેવામાં આવેલ છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર:–૦૧ અને ૦૨**

(૮) આંક–૦૩ થી પંચ સાહેદ અનીશ ચંદ્રકાંત આરેકર

નાઓને તપાસવામાં આવેલ છે. જેઓ આંક–૪ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામાંનાં પંચ સાહેદ છે. જેઓ જણાવે છે કે, બનાવ આજથી આશરે ચાર વર્ષ અગાઉ સરીગામ યુનીવર્સલ મેડીકેર પ્રા.લી કંપનીના કમ્પાઉન્ડમાં બનેલી. બનાવ વખતે તેઓ સદર કંપનીમાં સ્ટોર ઇ.ચાર્જ તરીકે નોકરી કરતા હતા. બનાવમાં એક ટ્રક જે ટ્રકનો નંબર હાલે તેઓને યાદ નથી તે કાચની બોટલો ભરીને કંપનીમાં આવેલ અને તે ખાલી કરેલ હતી અને ખાલી કરીને સદર ટ્રક આગળ જતા એક માણસને કચડી નાખેલો. જે સદર જગ્યા કંપનીનાં કમ્પાઉન્ડમાં જ આવેલ છે. બનાવ જે જગ્યાએ બનેલ તેની પૂર્વમાં બીજી ફેકટરી આવેલ છે અને પશ્ચિમ તરફ કંપનીનું પાર્કીગ આવેલ છે અને ઉતર અને દક્ષીણ તરફ કંપનીઓ આવેલ છે. બનાવ વખતે તેઓએ જોયેલ કે ગાડીનો કલીનર ગાડી નીચે આવેલ ગયેલ હોય તેને ડ્રાઈવર ઉઠાવતો હતો. જેથી, તેઓએ કંપનીનાં જનરલ મેનેજરને વાત કરવા બોલાવા ગયેલા. ડ્રાઈવર તેમજ કલીનરનું નામ મને હાલમાં યાદ નથી. બનાવ વખતે જે ટ્રકથી અકસ્માત થયેલો તે ટ્રક પોલીસે કબજે કરેલો. બનાવ સંબંધે પોલીસે તેઓની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. તેઓને તે પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે. જે પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. પંચ સાહેદની ઉલટતપાસ બચાવપક્ષ વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે જાતે પંચનામું તૈયાર કરેલ અને તેમા તેઓની સહી કરાવેલ.

(૯) આ કામે આંક– ૨૦ થી સાહેદ હરજીભાઈ છીબુભાઈ બાહતરીયા નાઓને તપાસવામાં આવેલ છે. આ સાહેદ જણાવે છે કે, બનાવ આજથી આઠેક વર્ષ અગાઉ બનેલો. આ અકસમાતનો બનાવ વખતે તેઓ સરીગામ યુનિવર્સલ મેડીકલ કંપનીમાં તેઓ કોન્ટ્રાક્ટમાં કામ કરતા હતા. તે સમયે એક ટ્રક બોટલ ભરીને આવેલ. જે તેઓએ ખાલી કરેલી. ત્યારબાદ નોકરીનો સમય પુરો થતા તેઓ તેમના ઘરે ગયેલો અને બીજા દિવસે તેઓને જાણવા મળેલ કે ગાડી ખાલી કર્યા બાદ કંડકટરનું અકસમાત થયેલ અને તેમા તેનુ મરણ થયેલ. સદર

સાહેદની ઉલટતપાસ બચાવપક્ષ દ્રારા કરવામાં આવેલ છે. જેમાં આ સાહેદ સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હાજર હતા. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવની જાણ તેઓને બીજા દિવસે કંપનીમાં ગયેલ ત્યારે બીજા કર્મચારી મારફતે થયેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૧૦) આ કામે આંક– ૨૧ થી ચતુરભાઈ કુબેરભાઈ પારગી નાઓને તપાસવામાં આવેલ છે. આ સાહેદ જણાવે છે કે, તા. ૧૮/૦૪/૨૦૧૪ ના રોજ તેઓ ભીલાડ પો.સ્ટેના સરીગામ ઓપી ઉપર ફરજ પર બજાવતા હતા. તે દરમ્યાન ભીલાડ પો.સ્ટે.અમલદાર બાયજુભાઈ કોલઘાભાઈ નાઓએ ભીલાડ પો.સ્ટે. ફસ્ટ ગુના રજી. નં. ૬૬/૨૦૧૪ ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪(અ), એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૭ મુજબની તપાસ તેઓને સોંપતા, તેઓએ તપાસ સંભાળી લીધેલ. તેઓએ આ કામે મરણજનારની લાશ ઉપર બે પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામું કરી, જેનું પી.એમ. આરોગ્ય કેન્દ્ર ફણસાનાઓ પાસે કરાવી, આ કામે ગુનાવાળી જગ્યાએ બે પંચો રૂબરૂ પંચનામું કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. તેમજ એફ.એસ.એલ. અધિકારીની સ્થળ વિઝીટ કરાવી, સર્ટીફીકેટ મેળવી અને આ કામના ફરીયાદી જે આરોપી હોય તેને આ ગુનાના કામે અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. આ કામે મરણજનારની પી.એમ.નોટ મેળવી આ કામના આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સાહેદની ઉલટતપાસ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાત સ્વીકારે છે કે આ કામેનો બનાવ સરીગામ GIDC મા આવેલ યુનિવર્શલ મેડીકેર પ્રાયવેટ લિમીટેડ કંપનીના કંમપાઉન્ડમા બનેલ. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓ સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખેલા નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવવાળી જગ્યા જાહેર સરેઆમ રોડ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે તેઓએ પંચોને સાથે રાખેલા નથી પરંતુ પાછળથી પંચોની સહી કરાવેલ છે. એ વાત સ્વીકારે છે કે તેઓ આ કામે બનાવવાળી

જગ્યાનો કોઈ નક્ષો બનાવીને રજુ કરેલ નથી કે તેના ફોટા રજુ કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપી સામે પુરતા પુરાવા ન હોવા છતા તેઓએ તેમના વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૧૧)** આમ તમામ પડેલ પુરાવા ધ્યાને લેતાં, પંચ સાહેદના પુરાવાથી સ્પષ્ટ થાય છે કે ટ્રકના નીચે ક્લીનર આવી ગયેલ જેને ડ્રાઈવર કાઢતો હતો એટલે અકસ્માત આરોપી દ્વારા કરવામાં આવેલ છે તેવું સ્પષ્ટ થાય છે. પરંતુ, રેકર્ડ ઉપર આવેલ પુરવાથી એ હકિકત સ્પષ્ટ થાય છે કે ક્લીનર ટ્રકના નીચે ઉંઘતો હતો તેવા સંજોગોમાં આરોપીને ખ્યાલના પણ હોય કે ટ્રક્ના નીચે કોઈ વ્યક્તી ઉંઘતો છે એટલે આ કામે ક્લીનર જાતે જ ટ્રકના નીચે બેદરકારીપૂર્વક ઉંઘતો હતો તેવા સંજોગોમાં આરોપી ટ્રક બેદરકારીપૂર્વક ચલાવતો હોય અને અકસ્માત કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. તેમજ ક્લીનર જ્યારે ટ્રકના નીચે ઉંઘતો હોય તેવા સંજોગોમાં ક્લીનરને એ બાબતનું ધ્યાન જ હોય કે ગમે તે કારણસર જો ટ્રક ચાલે તો તેઓના ઉપર ટ્રક ના ટાયર્ ફરી શકે છે તેમ છતા તેઓ ટ્રકના નીચે ઉંઘતો હતો આ તમામ ચર્ચા ધ્યાને લેતા આરોપી બેદરકારીપૂર્વક અને બેકાળજીપૂર્વક ટ્રક હંકારી લાવી તે ટ્રકના કલીનર કે જે ટ્રકના નીચે સુતેલ હોય તેઓના માથાના ભાગે ટ્રકના ડાબી સાઈડનું પાછળનું વ્હીલ ચડાવી દઈ, કલીનરનું મૃત્યુ નિપજાવેલ છે તેવું પુરવાર થતું નથી. ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં નિવડેલ હોય, મુદ્દા નંબર:-૦૧ નો જવાબ "**નકારમાં**" ઠરાવી મુદ્દા નંબર:-૦૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુકમ</u> ::-

(૧) આ કામના આરોપી મોહમંદરબાની અબ્દુલ સલીમ શેખ, રહે.- બસવા કલ્યાણપુર, આસરા કોલોની, જિ. બીંદર, કર્ણાટક નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા કલમ- ૨૭૯,૩૦૪(એ), એમ.વી. એકટ કલમ -૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ

ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં

((૨) આ કામનો આરોપી આજરોજ ગેરહાજર હોય, તેઓની ગેરહાજરીમાં સી.આર.પી.સીની કલમ- ૩૫૩(૬) હેઠળ આ હુકમ જાહેર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૪ જી, માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. :- ઉમરગામ **(સંજીવ કુમાર)**

તારીખ :- ૦૪/૦૬/૨૦૨૬ એડી. ચીફ જયુડી. મેજી.,ઉમરગામ

કોડ નં.જી.જે.૦૧૨૨૧